


# પંખ

અંક ૫૭ | ડિસેમ્બર ૨૦૨૧

## સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

એ જ આશા રાખવામાં સાર છે, બંધ છે એ શક્યતાનું દ્વાર છે.
આપણી બારી ઉઘાડી રાખીએ, તો બધે અજવાસ પારાવાર છે.

- હર્ષા દવે

## ❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp
https://wa.me/916355953355

Telegram
https://telegram.me/pankhemagazine

Gmail
pankhemagazine@gmail.com

## ❖ અમને Follow અહીં કરો...

Facebook
https://m.facebook.com/pankhemagazine

Instagram
https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel
https://t.me/pankhemagazineofficial

Twitter
https://twitter.com/pankh_emagazine

YouTube
https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

## ❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website
https://pankhmagazine.com/

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન પ્રકાશિત થતા કોઇપણ લખાણના વિચારો સર્જકના પોતાના છે. એ વિચાર સાથે ટીમ પંખના સભ્યો સહમત છે જ, એવું માની લેવું નહિ. આથી લખાણને લીધે કોઈ પણ વિવાદ ઉભો થાય તો એની જવાબદારી સંપૂર્ણપણે સર્જકની પોતાની રહેશે. 'પંખ' આમાં દરમિયાનગીરી કરવા બાધ્ય નથી.

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન કોઈ પણ પ્રકારે પ્રકાશિત સામગ્રીમાં મોટેભાગે સર્જકની પરવાનગીથી જ કૃતિ મુકવામાં આવે છે. ક્યારેક કોઈ સર્જકની પરવાનગી લીધા વગર એમની કોઈ કૃતિ કોઈપણ સ્વરૂપે મુકવામાં આવે તો એમાં અમારો એક જ શુભ આશય છે કે સર્જકના લખાણને બિરદાવવું અને ગુજરાતી ભાષા વાંચી શકતા મહત્તમ લોકો સુધી સર્જકોની કૃતિ પહોંચાડવી અને વધુને વધુ લોકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા.

● અમારું સ્પષ્ટપણે માનવું છે કે, કૃતિ લખાય જાય એ પછી લોકોની બની જાય છે. પણ એ સર્જવા માટે સર્જકે કરેલા શ્રમને યોગ્ય શ્રેય મળે, એ માટે કૃતિની સાથે એના સાચા સર્જકનું નામ જોડાય, એ અમારો મહત્તમ પ્રયાસ રહેશે.

● અત્રે, 'પંખ' કોઈ રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારધારા પ્રત્યે પક્ષપાત કરતું નથી. તદુપરાંત, 'પંખ' બિનવ્યવસાયિક ધોરણે કામ કરે છે અને અમારા માટે આ આર્થિક ઉપાર્જનનું સાધન નથી.

● ‘પંખ’ સંપૂર્ણપણે સાહિત્યિક હોવાનો દાવો કરતું નથી. આથી લાક્ષણિક ગુજરાતી સાહિત્યના બધા જ નિયમો પળાય, એ જરૂરી નથી. ‘પંખ’ ગુજરાતી મેગેઝીન છે, ગુજરાતી ભાષાનું મેગેઝીન નથી.

# સંપાદકની કલમે



યાજ્ઞિક વઘાસિયા

## વર્ષની સમાપન વેળા

૨૦૨૧ વર્ષ સમાપન થઈ રહ્યું છે. છેલ્લા બે વર્ષ ભારે ગયા છે, ને કોવિડના કેસ વધતા જોઈને આ વર્ષ પણ ભારે જશે, એવો અણસાર આવી રહ્યો છે. કેલેન્ડરનું દર નવું વર્ષ પાછલા વર્ષથી ભિન્ન પણ હોય છે, અને અભિન્ન પણ.

કવરપેજમાં જેમ એક વ્યક્તિ બસની બારી ઉઘાડીને પાછળ જોઈ રહ્યો છે, એ રીતે તમે પણ તમારી જીવનયાત્રા જે વાહનમાં થઈ રહી છે, એની બારીમાંથી પાછળ ડોકું કાઢીને સરવૈયું કરશો તો શું દેખાશે?

બંધ બારીને ઉઘાડી કરવાની પ્રક્રિયા જ કેટલી અર્થપૂર્ણ છે! જરૂરી નથી કે બસની બારી બહાર દેખાતા દ્રશ્યો રમણીય અને હવા સુંગધિત જ હોય. ક્યારેક મસ્ત લહેરાતા ખેતરો આંખને પણ ગમે અને નાકને પણ. તો ઈન્ડસ્ટ્રીયલ એરિયામાંથી નીકળતી વખતે ચીમનીમાંથી નીકળતો ધુમાડો આંખ અને નાક બેયને બળતરા કરાવે. ક્યારેક બસ એના ચોક્કસ સમયે આપણા શહેર કે ગામડાંમાંથી નીકળી ગઈ હોય ને હાઈવે પર દોડવા લાગી હોય, તો ક્યારેક બસને નીકળતા નીકળતા જ ટ્રાફિક, ખરાબ રસ્તા કે બીજી કોઈ અડચણોને લીધે ઘણું મોડું થઈ જાય અને બહુ મોડી એના સાચા ઝડપી ટ્રેક પર પહોંચે. એટલે બારીમાંથી બહાર જોવાની પ્રક્રિયા આપણને કાં તો સંતોષ આપે, કાં તો વ્યાકુળતા.

ક્યારેક કોઈને બારી ખોલીને 'આવજો' કહેવાની ક્ષણ, ફેરિયા પાસે શીંગ-ચણા ખરીદવાની ક્ષણ, બસ ટ્રાફિકમાં અટવાય તો બારી ખોલીને 'શું થયું હશે!-ની કુતૂહલતાથી ભરેલી ક્ષણ, અમુક વ્યક્તિઓની પાન-મસાલો ખાઈને રસ્તા પર થૂંકી દઈને મોઢું હળવું કરવાની ક્ષણ, મોશન-સિકનેસને કારણે વોમિટ થઈ જતી પેટના સળવળાટની ક્ષણ, ઉબડખાબડ રસ્તા પર આપણી કમર પર પડેલા આંચકાની ક્ષણ, બસ-સ્ટોપ આવે ત્યારે કંડક્ટરની આપણને બૂમ પાડીને જાણ કરવાની ક્ષણ, સાથે નીકળેલી શાળાના પ્રવાસની બસથી આગળ નીકળી જતી

વેળાએ નાના-નાના બાળકોની 'ડિકો-ડિકો' કરીને ચિચિયારીઓ કરવાની ક્ષણ... - બસની બારી આવી કેટલીય ક્ષણની સાક્ષી પૂરે છે. આ બધી ક્ષણો આપણા જીવન અને જીવનયાત્રા એમ બેઉ સાથે જોડાયેલી છે.

બસમાં આપણી સીટ પર ખુલી શકે એક બારી તો હોવી જ જોઈએ. બસ ભલે 'વોલ્વો' હોય, પણ આપણી બસ 'વોલ્વો' તો ના જ જોઈએ.

'પંખ'નો ૨૦૨૧નો અંતિમ અને સળંગ સતાવનમો અંક છે. આ અંકમાં સીનીયર લેખિકા સ્વાતિબેન મેઢ, કે જેઓ ગુજરાતી સાહિત્યમાં બહુ મોટું નામ છે, એમનો 'વાસી ઉત્તરાયણ' વિષય પર 'એક વાસી ઉતરાણ' હાસ્ય-લેખ લીધો છે. તમને ગમશે. એ સિવાય રસપ્રદ લેખો અને વાર્તાઓ ખરી જ. આ અંક કેવો લાગ્યો, એના પ્રતિભાવો પણ આપ અમને મોકલી શકો છો.

તમે જે ઈશ્વર કે શક્તિમાં માનતા હોય, એ શક્તિ તમને સ્વસ્થ, આનંદિત અને માણસ બનાવીને રાખે, એવી હું જે ઈશ્વર કે શક્તિમાં માનું છું, એમને પ્રાર્થના. જાહેર જગ્યા પર આપ સૌ માસ્ક લગાવી રાખો, એવી 'પંખ' વતી નમ્ર અપીલ કરું છું.



# જસ્ટ બે મિનિટ



ડૉ. રંજન જોષી

## ઈમાનદારી

"મારી પાસે કરોડોની સંપત્તિ છે. મારે કોની જરૂર હોય? જેને જ્યાં જવું હોય એ ભલે જાય." મિસ્ટર બજાજ પોતાની રિવોલ્વિન્ગ ચેરને પગ વડે ધક્કો મારતા બોલ્યા. દર વખતે ઈમાનદાર કર્મચારી જોબ છોડીને જાય ત્યારે તેમનો આ ડાયલોગ આખી ઓફિસ સાંભળે.

રાત્રે દોઢ વાગ્યે દીકરો લઘરવઘર વેશે હાંફળો ફાંફળો ઘરે આવ્યો. દારૂ પીને કાર ચલાવતા ફૂટપાથ પર સૂતેલા ચાર લોકોને ચગદીને આવ્યો હતો તે. મિસ્ટર બજાજે સવારે નોકરી છોડી ગયેલા ડ્રાઇવર રવુભાને ફોન જોડ્યો. તેને સવારે પોતે જ બોલેલા શબ્દો પોકળ લાગવા માંડ્યા. તે મનોમન ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા કે રવુભા બીજે ક્યાંય નોકરીએ ન લાગી ગયા હોય ને એ ઈમાનદારીથી આખો કેસ સંભાળી લે.






સ્વાતિ મેઢ


# REWINDING...

## એક વાસી ઉતરાણ



વાસી ઉતરાણનો દિવસ હતો. ઉતરાણના ઉત્સવનો થોડોકે ય આનંદ લૂંટવાનો બાકી ન રહી જાય એટલે યોજાયેલો ખાસ ઉત્સવ વાસી ઉતરાણ. તોતડા ભગતની પોળની અગાસીઓ-છાપરાંઓ પર અદભૂત આનંદનું વાતાવરણ હતું. જેને પતંગ ઉડાડવા હોય તે અને ન ઉડાડવા હોય તે, જેને પતંગ ઉડતા જોવા હોય તે અને ન જોવા હોય તે, બધા જ આજે ઉપર હતા. બાળકો, વૃદ્ધો, ગૃહિણીઓ, કન્યાઓ, કિશોરીઓ, આજના ઉત્સવના હીરો જેવા યુવાનો, 'ટાઈમ જ ક્યાં છે'-ની ફરિયાદ કરતા આધેડ વયના સજ્જનો, બધા જ આજે ઉપર હતા. કરફ્યુ વખતે ય જે ખાલી ન હોય તેવાં ગલીઓ-ચોકઠાઓ આજે ગાયો અને કૂતરાંઓને ફરવા માટેનાં મુક્ત મેદાન હોય તેવાં ખાલી હતાં. ગાયો માટે આજે સ્વર્ગ હતું પોળમાં, પોળવાસીઓનું સ્વર્ગ હતું અગાશીઓ અને છાપરાંઓ પર.

વાસી ઉતરાણે બધે ય આવું જ હોય. નવી ભાભીઓ આજે પતંગ ચડાવતા પતિના મોઢામાં તલસાંકળીનો ટુકડો મૂકી દેવાની હિંમત કરી શકે, સાસુ સામે બેઠી હોય તો ય. મધ્યમ વયની બહેનો પાપડી ફોલતાં ફોલતાં આકાશદર્શન કરતી રહે. ભૂલમાં છોતરાંના ઢગલામાં પાપડી અને પાપડીના ઢગલામાં છોતરાં નાખતી હોય તો ય! વાળની પીન સરખી કરી લેવાને બહાને પાછલી અગાશીના ઉમેશ કે અરુણને જોઈ લઈને ‘સ્માઇલ’ આપી દેવાનો ચાન્સ પણ લઈ લેવાય આજે પપ્પા હાજર હોય તો ય! બાબાને મદદ કરવાને બહાને પપ્પા પતંગનો દોર હાથમાં લઈ લે અને ફીરકી પકડીને ઊભેલી મમ્મી સાથે ઘડીકવાર પ્રેમીયુગલ જેવો લહાવો પણ લઈ લે બાર વર્ષના બાબાનાં મમ્મી-પપ્પાઓ. આજે પતંગો ખલાસ કરવાના હતા, ફીરકીઓ ખાલી કરવાની હતી. કોઈ ચઢતા પતંગ પર હાથ મારે તો 'એ બે ઓય દોરી છોડ'-કહીને

આખી અગાશી બૂમાબૂમ કરવા માંડે. આજે દોરીનાં ગૂંચળા પગમાં ભરાયા કરતાં હોય તો ય વાંધો નહીં. આજે વાસી ઉતરાણ હતી.

'એ ય કાટ્ટા... હોય હોય હોય હોય', અને બેચાર સીસોટીઓ. છોકરીનો પતંગ કપાય તો થોડી વધારે સિસોટીઓ. કોઈ છોકરી પતંગ કાપે તો આખા સખીવૃંદની તીણી ચિચિયારીઓ, ખૂબ જોરદાર તાળીઓનો ગડગડાટ, અતિશય કલબલાટ. ઘોંઘાટ અને બસ ઘોંઘાટ. એની ય ઉપર ગાજતું લાઉડસ્પીકરમાં વાગતું મ્યુઝિક. હવે તો વાસી ઉતરાણની ય સાંજ હતી. બધાને બધું બસ લૂંટાવી દેવું હતું.

તોતડા ભગતની પોળની આ કંઈ પહેલી વાસી ઉતરાણ નહોતી. પતંગો કપાવા અને ચિચિયારીઓ સંભળાવી, ગોગલ્સ કે દૂરબીનની આડશે તારામૈત્રકો રચાવા, પોળની નવી ભાભી કે ભાવિ જમાઈની ઝલકો લઈ લેવી અને એને વિષે વિવેચન કરતાં કરતાં પતંગના દોરે ઝૂમવું એ નવું નહોતું. જોડેની બહેરા ઘાંચીની પોળમાં ય આવું જ હતું. બહેરા ઘાંચીની પોળવાળો પ્રકાશ તોતડા ભગતની પોળવાળી રૂપાને દૂરબીનથી આકાશદર્શન કરતો હોય એમ જોતો હતો અને રૂપાને એની ખબર હતી. એટલેસ્તો એકબે વાર પંજાબી ડ્રેસની ઓઢણી સરખી કરવાના બહાને પાછળ ફરીને એણે ય બેચાર વાર મલકી લીધું હતું.

તોતડા ભગતની પોળ અને બહેરા ઘાંચીની પોળ જોડે જોડે. અગાસીઓમાંથી ખબર ન પડે તફાવત બે વચ્ચે. છાપરાંને રસ્તેથી તો સડસડાટ ચાલ્યા જવાય. બે ય પોળમાં આગળ ચોકઠાં ને પાછળ શેરીઓ, ખડકીઓની માયાજાળ. વચ્ચેની લાઇનના થોડાં ઘરોનાં બારણાં તો બે ય પોળમાં પડે. વર્ષોથી એ બે ય પોળો સાથેસાથે ઊભેલી. બધાં જ વર્ષો સામસામા પક્ષમાં. બે ય પોળોમાં શેરીયુદ્ધો પણ ખેલાઈ ગયેલાં અને પ્રકાશ-રૂપા જેવાં યુગલો પણ રચાઇ ગયેલાં. સાથે સાથે રહેવાનું હોય પછી શું થાય?

તોતડા ભગતની પોળનો એક પતંગ બહેરા ઘાંચીની પોળવાળા નિખીલે કાપ્યો. પતંગ અનિલનો હતો. કપાઈને એ ઊડતો ઊડતો આવ્યો તે તોતડા ભગતની પોળવાળા જયેશે પકડી લીધો. પોળનો એ વિજય હતો. બધાએ હર્ષનાદોથી એને વધાવી લીધો. કપાયેલી દોરી અનિલ પાછી ખેંચતો હતો ત્યાં એ લાઇટના થાંભલામાં ભરાઈ ગઈ. અનિલ સમજ્યો બહેરા ઘાંચીની પોળવાળાઓએ એ પકડી રાખી છે. અનિલે બૂમ પડી, 'અબે એ ય દોરી છોડ.' પણ થાંભલો કંઈ સાંભળે? કોઈ કોઈનું સાંભળે આ ઘોંઘાટમાં? (બહેરા ઘાંચીની પોળમાં આવી જ ઉતરાણ હતી.) નિખિલ સમજ્યો અનિલે ગાળ દીધી. એ કંઈક બોલ્યો. અનિલે એ સાંભળ્યુ નહીં પણ ઉમેશે સાંભળ્યું. એણે સામે ગાળ દીધી. સંભવ છે કે

બેમાંથી એકે યે ગાળ દીધી જ ન હોય પણ બંને સમજ્યા કે બંનેએ ગાળ દીધી. ઉમેશ ઉશ્કેરાયો. એણે હાથમાં પથ્થર લીધો. એનું જોઈને બહેરા ઘાંચીની પોળવાળા અરુણે હાથમાં પથ્થર લીધો. હજી તો શું થયું એ કોઈને ખબર પડે એ પહેલાં તો સામસામા પથરાનો વરસાદ શરૂ થઈ ગયો. તોતડા ભગતની પોળના બધા યુવાનો એક છાપરે એકત્ર થયા. સામે બહેરા ઘાંચીની પોળવાળા યુવકો પણ પોતપોતાની અગાશીઓ છોડીને એક છાપરે ભેગા થયા. બાળકો અને મહિલાઓને નીચે ધકેલવામાં આવ્યા. પપ્પાઓ, કાકાઓ પણ નીચે ખસવા માંડ્યા. કિશોરીઓ, યુવતીઓ સમવયસ્ક યુવકોની વીરતાનું દર્શન કરવાના લોભે ટકી રહી. એકબે કાકાઓની સમજાવટથી એ ય નીચે ઉતરવા માંડી. પોળોની અગાશીઓ છાપરાંના રણક્ષેત્રમાં મજબૂત યુવાનો પથરા નળિયાના પ્રાગૈતિહાસિક હથિયારો લઈને યુદ્ધે ચડ્યા. નળિયાવાળા છાપરાંઓ હથિયારોનાં ગોડાઉન બન્યાં. ઊંચામાં ઊંચી અગાશીએથી પ્રક્ષેપાસ્ત્રોની રમઝટ જામી. ધડાધડ નળિયા ફેંકાવા માંડ્યાં. બીજી પોળો તરફ ઊડતા પતંગો ઊડતા અટકી ગયા.

જો કે નળિયાપથરાનો એકે ય ટુકડો સામી પોળ સુધી પહોંચે કે સામેવાળાઓનો એકેય પથરો આ પોળ સુધી પહોંચે એવું ભાગ્યે જ બનતું. તો ય પથરા ફેંકાતા રહ્યા. વચ્ચેની બધી અગાશીઓ, ગેલેરીઓના બલ્બ, બારીઓના કાચ, અગાશીમાં રાખેલાં પાણીના માટલાં, પોળોની લાઈટોના ગોળા વગેરે વગેરે તૂટવાલાયક વસ્તુઓ તૂટતી રહી. હે, હો, હુ, મારો, લગાવો વગેરે વીરત્વસભર હુંકારો કરતા નવયુવાનો નળિયાયુદ્ધે ચડ્યા હતા.

બંને પોળોના વડીલો નીચે બેઠા બેઠા ચિંતા કરતા હતા. કન્યાઓ એમના વીરમિત્રોની વીરતાનું દર્શન કરવા બીતાં બીતાં બારીઓમાંથી ડોકિયાં કરીને જોઈ લેતી હતી. 'બેસને હવે, બહુ ડાહી થાય છે તે.' મમ્મીઓ કહેતી હતી.

હવે સાંજમાંથી રાત પડવા જેવું થવા માંડયું. શિયાળાનો દિવસ, અંધારું થવાની બહુ વાર ન હતી. છેવટે અંધારું થયું. અગાશીઓની લાઇટો તો તૂટી જ ગઈ હતી. બહેરા ઘાંચીની પોળ અને તોતડા ભગતની પોળનાં છાપરાઓનાં નળિયાનો સ્ટોક ખલાસ થવા આવ્યો હતો. બધાં નળિયા ટુકડા થઈને



પોળના રસ્તાઓ પર,આસપાસની અગાશીઓમાં, ગેલેરીઓમાં પડ્યાં હતાં. હવે તો સામા પક્ષના યોદ્ધાઓ દેખાય પણ નહીં એવું અંધારું થઈ ગયું. આખો દિવસ તડકામાં પતંગો ઉડાડીને થાકેલાં બાવડાં આમે ય તે કેટલા પથરા ફેંકી શકે? હાથ થાક્યા એટલે વાણીપ્રહારો શરૂ થયા. પથરાની જેમ એ ય સામે છેડે પહોંચતા નહોતા પણ તો ય બંને પક્ષનું મનોરંજન થતું હતું. એ ય પૂરું થયું. બે ચાર યુવાનોને ફૂદકા મારતાં કંઈક કંઈક વાગેલું. એના પાટાપિંડી થયા અને વાસી ઉતરાણ પૂરી થઈ.

આવી તો કંઈક વાસી ઉતરાણો ઉજવાઇ ગઈ હતી. પાણીપતના મેદાનમાં અનેક વાર યુદ્ધો થયાં તે તો ઈતિહાસને પાને નોંધાયાં છે પણ આ શેરીયુદ્ધોની કયાંય નોંધ નથી લેવાઈ. આ પોળોનો જો ક્યારેય ઇતિહાસ લખાશે તો આવા ઉતરાણના નળિયાયુદ્ધો, હોળીનાં પિચકારીયુદ્ધો અને નવરાત્રીના દાંડિયાયુદ્ધો(જેમાં બહેનો પણ ભાગ લેતી તેવા) અનેક રસભર, મનભર, આહ્લાદક પ્રસંગો નોંધાશે. સૌથી મજાની વાતને છે કે આ યુદ્ધોમાં રણક્ષેત્રો પણ એનાં એ, બે પક્ષો પણ એનાં એ, જુદા માત્ર કારણો.

પણ એ કામ તો આ યુદ્ધોમાંથી નવરી થયેલી ભાવિ પેઢીઓ માટે રાખવાનું. આજના નળિયાયુદ્ધનો અંત હજી બાકી છે.

હજી રાતે ફાનસ તુક્કલ ચઢાવવાનાં બાકી હતાં! હવે પોળોની ગલીઓમાં યોદ્ધાઓનાં પરાક્રમોની ગાથાઓ થતી હતી. રસિક ભાષામાં પરાક્રમો વર્ણવાતાં હતાં. ‘પેલી પોળવાળાઓ’ને પજવ્યાનો આનંદ લૂંટાતો હતો. આખી બપોર સાંજ જેણે આગશીઓમાં ગાળેલાં એ યુવાનવર્ગ હવે પાછો ફરવા માંડ્યો હતો. મમ્મી-પપ્પાઓ ‘હવે બહુ થયું, હેંડો ઘેર’ કરતાં હતાં. અને એ બહાને રણમેદાનમાં ફર્યાનો લહાવો લઈ લેતાં હતાં. છોકરીઓ ઘેર જવા માંડી. છોકરાઓ ઓટલે ગોઠવવા માંડ્યા.

તોતડા ભગતની પોળવાળી રૂપા ઘેર પહોંચી. પોતાની પોળવાળાઓનાં પરાક્રમોથી એ ખુશ હતી. અચાનક રૂપાના ઘરને છાપરે એક પથરો પડ્યો.

'હજી ય મૂઆ જંપતા નથી પેલી પોળવાળા'-રૂપાનાં મમ્મીએ ચિડાઈને કહ્યું.

'શું થયું? હું જોઈ આવું મમ્મી?'-રૂપાએ પૂછ્યું.

'કંઈ નથી જવું. મરશે મૂઆ વાયડા નહીં તો.'-મમ્મી ઉવાચ.

'જઈ જ આવું હું તો.'-કહીને રૂપા છાપરે ચડી.

કોઈ કોઈ અગાસીઓમાંથી તુક્કલો અંધારા આકાશમાં ઝૂમી રહી હતી. એ સિવાય નિર્જન અગાસીઓ વીતી ગયેલી સાંજની યાદમાં ઝૂરતી હતી. ત્યાં ચંદ્ર અને તારાના

ઝાંખા અજવાળામાં અને આસપાસના ઘરોના ત્રીજાચોથા માળની બારીઓમાંથી આવતા અજવાળામાં નળિયાના એક નાના ટુકડા પર વીંટળાયેલો કાગળ રૂપાને દેખાયો. એને જોવો હતો માટે દેખાયો. પતંગની દોરી બાંધેલો હતો એ કાગળ. બહેરા ઘાંચીની પોળ બાજુએથી આવેલો એ કાગળ રૂપાએ ખોલ્યો.

'કાલે ૧૧ વાગે, ચકલામાં.'

રૂપા મલકી. કોઈ નહોતું દેખાતું તો ય એણે બહેરા ઘાંચીની પોળ તરફ જોયું. વાસી ઉતરાણનો દિવસ પૂરો થયો. સાર્થક થયો!!





ભૂષણ ઓઝા

## ગઝલ

તોડી દીધી પાક્કી ડાળ, પૂછ્યું લગીરે નહિ
જોયો નહિ સમય કાળ, પૂછ્યું લગીરે નહિ

જોયા હિલ્લોળ તા જળ ને ખીલેલ વાડી
ફેલાણી ત્યાં અગન જાળ, પૂછ્યું લગીરે નહિ

નિરાંતે બેસી જોયું કે અંતને વાર છે ત્યાં
એણે ભરી હરણફાળ, પૂછ્યું લગીરે નહિ

દૂર દૂર પેલી ક્ષિતિજની પાર જઈ બેઠા તો ય
કાઢી લીધી ને ભાળ, પૂછ્યું લગીરે નહિ

સીધે સીધા ઉપાડી લીધા કહ્યું કે છે સજા
નહિ નહોમત કે આળ, પૂછ્યું લગીરે નહિ



ભૂષણ ઓઝા

## ગીત

સામે તો હોય કેટલુંય એમાં સાચું પરખવાનો મંત્ર ગણગણ્યા છે,
એને અમે ગુરુ ગણ્યા છે

થોથા ના થોથા ઉથલાવી નાખ્યા, એમાં અમુક પાના વાળીને ય રાખ્યા,
તે કેટલુંય ચડ્યું હડફેટે
આવું ગાડરિયું હાલતું રહ્યું, જાણે જંગલિયું ઘાસ ફાલતું રહ્યું,
ઓલા મૂળિયાં રહી ગયા છેટે
એવામાં એ ભડભાંખળા ટાણે, અસ્સલ પ્રભાતી સાદ એ જાણે,
ઝીણેરા વેણ ખણખણ્યા છે, એને અમે ગુરુ ગણ્યા છે

આડા ને ઉભા બહુ ઉછળ્યા 'તા, નેઠા વગરનું બહુ ઉલળ્યા ' તા,
તે કાંક મળવાનું રહી ગયું છેટું
રઘવાટે લક્કડિયું ઘોડું પલાણ્યું, પરપોટા ભરવા ઠામ નથી જાણ્યું,
તે આમ કડફભૂસ થઈ એંટું

પછી આંખો ઉઘાડતો ચમકારો થ્યોને, કગર્યા ઘા બાજરિયું દાબી દ્યો ને
ત્યારે ઠારતું આકરું સણસણ્યા છે, એને અમે ગુરુ ગણ્યા છે



બંસરી જોષી

# અંતરકેડી

## ઢીંગલી



"મલય... ઓ મલય બેટા... સાંભળને તને એક સરસ વાત કહું?"

"હા.. બોલોને મમ્મી." મલયે સ્નેહાળ આંખોથી એની મમ્મી તરફ જોયું.

મમ્મી જાણે ફ્લેશબેકમાં જતી હોય એમ બોલવા લાગી.

"જ્યારે પહેલીવાર તારા નાનાએ મને મારા એક જન્મદિવસે ઢીંગલી લઈ આપેલી, ત્યારે હું ખૂબ રાજીના રેડ થઈ ગયેલી. જયારથી મેં સ્કૂલે જતા રસ્તામાં આવતી રમકડાંની દુકાનમાં એ ઢીંગલી જોયેલી ત્યારથી મને એ એટલી વહાલી લાગેલી જાણે મારા અસ્તિત્વનો એક હિસ્સો હોય. આમ પણ... ઢીંગલી એક છોકરી માટે માત્ર રમકડું માત્ર નથી હોતી. પણ જાણે કોઈ સખી સહેલી જ હોય એવો આત્મીય ભાવ ઢીંગલી સાથે રમતા-રમતા બંધાઈ જતો હોય. ઢીંગલી મેળવીને પોતે એક ઢીંગલી જેવી દીકરી હોવા છતાં ઢીંગલી મળતા ક્યાંકને ક્યાંક ભવિષ્યની માતારૂપે પણ પ્રતિબંધિત થતી જાય છે.

જો કે દરેક દીકરીને ઢીંગલી ગમે એવું જરૂરી નથી અને દરેક દીકરી પાસે ઢીંગલી હોય એવું પણ જરૂરી નથી. પણ તે દિવસે જ્યારે મને ભેટ સ્વરૂપે ઢીંગલી મળી તો હું ખૂબ ખુશ થઈ ગઈ હતી અને આ ખુશી રોજ રોજ વધતી ચાલી. કોઈ દિવસ ઢીંગલીને આ ફ્રોક પહેરાવું તો કોઈ દિવસ આ ચણીયા ચોળી. આમ માથું ઓળાવુ ને આમ તૈયાર કરું. ચાંદલો કરું, મમ્મીની લિપસ્ટિક પણ કરી આપું. બસ બહેનપણીઓ આવે એટલે ઢીંગલીનો દરબાર જામે. બાળપણ જેટલું સોનેરી બીજું શું હોય?"

મલયે એની મમ્મી તરફ જોઈ હાસ્ય વેર્યું.

"હા મમ્મી. અને કોણ જાણતું હતું કે આ ઉમરે પણ તમે ઢીંગલીથી રમશો?"

મલયની વાત સાંભળીને એની મમ્મી ખડખડાટ હસી પડી અને બોલી,

"ના હો, મલય દીકરા. પહેલા હું ઢીંગલીથી રમતી હતી પણ હવે તો હું પોતે જ ઢીંગલીઓ બનાવુ છું. ક્યારેય વિચાર્યું સુદ્ધા નહોતું કે આવુ કઈંક કરીશ."

મલયે ફરી સ્મિત સાથે મમ્મી સામે જોયું અને કહ્યું, "સાચ્ચે જ મમ્મી હવે તો મને પણ એમ લાગે છે કે જો એ દિવસે ભાઈ નિરજ ન્યૂજર્સી જતી વખતે તારી જાતે બનાવેલી એ ઢીંગલી ના લઇ ગયો હોત તો..?

"તો આજે આટલી વિશાળ ફલક પર મારી ઢીંગલી અને હું વિસ્તરી ના શક્યા હોત. તમારા બેઉના કારણે જ મારા સાવ સામાન્ય લાગતા કામને નવો ચીલો મળેલો."

આગળની વાત કરવા એમણે મલયની સામે વિશેષ સ્નેહથી જોયા કર્યું અને કહ્યું.

"મને બરાબર યાદ છે એ દિવસો.. એ સમય. ૧૯૬૦ની વાત છે જ્યારે તું, હું, નિરજ અને તારા પપ્પા આપણે વઢવાણ રહેવા આવ્યા હતા અને એ સમય દરમિયાન હું અરુણાબેનના સંપર્કમાં આવેલી. એમણે મહિલાઓને સ્વનિર્ભર કરવા એક વિકાસ સંસ્થા એ સમયે ખોલેલી અને મને જાણે એમના સ્વરૂપે એક રાહબર મળ્યા જેમના માર્ગદર્શન હેઠળ હું એમની સંસ્થામાં જોડાઈ અને ક્રમશઃ મેં તાલીમ મેળવી. પહેલા મેં ટેલરિંગ શીખ્યું પછી મેં કટીંગ કરતા શીખ્યું પછી ડૉલ-મેકિંગની પૂરી પ્રક્રિયા શીખી અને છેલ્લે છેલ્લે હેન્ડ એમ્બ્રોઇડરી વર્ક પણ શીખી લીધું. પણ તારા પપ્પા ઇરીગેશન એન્જીનીયરની પોસ્ટ પર હતા એટલે સૌરાષ્ટ્રના ઘણા શહેરોમાં એમની બદલી થતી રહી. એમની સાથે સાથે આપણે પણ ધોરાજી, ઉપલેટા, રાજકોટ સ્થાળાંતર કરતા રહ્યાં."

"પણ હા મમ્મી મને પણ બરાબર સ્મરણ છે કે ૧૯૭૯માં આપણે સૌ ગાંધીનગર સ્થાયી થયેલા અને ૧૯૯૦ સુધી તમે ઘણા સીવણના વર્ગો ત્યાં ચલાવેલા. મારા ખ્યાલ મુજબ ત્યારબાદ તો ૮૦૦૦થી પણ વધુ છોકરીઓ તમારા હાથ નીચે સીવણ



શીખતી થઈ ગયેલી. તમે તો બાકી 'વન વુમન શો' જેમ મચી પડેલા." મલય ગર્વભેર બોલ્યો.

"હા.. સાચું. ૧૯૯૦માં જ મેં મારી પ્રથમ હોમમેડ ડૉલ બનાવેલી. જાણે મારું નાનપણ ફરી મારી સાથે જૂદી રીતે રમી રહ્યું હતું. નાનપણની એ રમત હવે શોખના સ્થાનેથી સર્જનાત્મકતાના સ્થાને આવી પહોંચેલી. બાર્બી-ડૉલને જ ડૉલ સમજતી દીકરીઓ માટે મારે એક નવી પ્રાચીન અને પરંપરાગત વસ્ત્રોથી સજ્જ એવી ડૉલ બનાવી હતી, જે ભારતીય સંસ્કૃતિને છાજે એવી હોય." મમ્મી જરા અટક્યા.

"તમે તદ્દન ભિન્ન છતાં ખૂબ સુંદર ડૉલ બનાવેલી અને એ પણ હોમ મેડ સાથોસાથ ઈકો ફ્રેન્ડલી પણ..." મલય બોલ્યો.

"હા પણ તને યાદ છે તારા ભાઈ નિરજને પોતાનો એક ડ્રામા લઈને ન્યૂજર્સી પોતાના મિત્રો સાથે જવાનું થયુ અને એણે મારા શોખને ધ્યાનમાં લઇ મને કીધેલું, "મમ્મી તમે એવી ડૉલ બનાવો જે હું ત્યાં લઈ જઈ શકું અને ત્યાંના પ્રદર્શનમાં રિપ્રેસેન્ટ કરી શકું અને આપણે લાગલગાટ ત્રણ મહિના મહેનત કરી પંદરથી વીસ ભારતીય ડૉલ બનાવેલી અને નિરજ એને ત્યાં સુધી લઈ ગયેલો. મેં સ્વપ્ને પણ નહોતું વિચાર્યું કે ન્યૂજર્સીમાં વસતા ભારતીયોને એ આટલી ગમી જશે."

મમ્મીને વચ્ચે જ અટકાવી મલય બોલ્યો, "પણ તમે બનાવી જ હતી એટલી અદ્ભૂત ને... અને પછી તો જોતજોતામાં એની માંગ વધી ગઈ. ભારત સિવાયના ૧૮ દેશોમાં આપણે ભારતીય ડૉલ એક્સપોર્ટ કરશું, એવું ક્યાં ધાર્યું હતું?"

"હા... કાલે જ મને આપણા એકાઉન્ટ મેનેજરે કહ્યું કે આજે આ આપની ડૉલ મેકિંગની સંખ્યા એક લાખના આંકડાને પાર કરી ગઈ."

મલય અને નિરજ મમ્મીની સજળ આંખો જોઈ ભાવવિભોર થઈ ગયા ને એમને ભેટી પડયા. વાતોની વણઝાર તો થંભી ગઈ પણ સ્મરણોનો આનંદ વાતાવરણમાં ઘોળાઈ રહ્યો.

નાનપણમાં ઢીંગલીથી રમનારી એ છોકરી અને આગળ જતાં વિશ્વફલકે ભારતીય ડૉલને પ્રસિદ્ધિ અપાવનાર એ પ્રતિભાશાળી મહિલાનું નામ છે રંજનબેન ભટ્ટ. આજે ૭૮ વર્ષ કરતા પણ વધુ ઉંમરે પણ તેઓ એટલા જ ખમીરવંતા છે. ૧૯૯૦માં ગાંધીનગરના એમના મુકામે જ

એમણે પ્રથમ ભારતીય પરિવેશ ધરાવતી ડૉલ બનાવેલી અને વાર્તામાં જણાવ્યા મુજબ એમના બે દીકરા (સાચા નામ : હરિનભાઈ ભટ્ટ અને યોગેશભાઈ ભટ્ટ)ના સહયોગથી તેઓ એક ઉજ્જવળ મુકામ હાંસિલ કરી શકયા. એમની ડૉલની ખ્યાતિ આદરણીય શ્રી પ્રમુખ સ્વામી મહારાજ, શ્રી અબ્દુલ કલામ તથા માનનીય શ્રી નરેન્દ્ર મોદી સુધી પહોંચી છે. દર મહિને ૫૦૦ થી વધુ ડૉલ બને છે અને ૧૮થી વધુ દેશોમાં એક્સપોર્ટ થાય છે. રંજનબેને સ્વબળે શરૂ કરેલી કેડી અંતરાયો વીંધતી નવી જાજમ પાથરી એક જાજરમાન પથ કંડારી રહી છે. ભારતની અને એમાં પણ ગુજરાતની આવી પ્રતિભાસંપન્ન મહિલાઓને મારી અંતરકેડી સાથે જોડીને હું વધુ ગૌરવ અનુભવું છું અને એમના પુરુષાર્થને સાદર વંદન કરું છું.






## તેજલ શાહ

# પરિવર્તન અને બેવફાઈ

પરિવર્તન (લેખક - રાધેશ્યામ શર્મા) અને બેવફાઈ (લેખિકા - ધીરુબહેન પટેલ) એ બે વાર્તા વિશે વાત કરશું. સાવ જુદા પ્લોટ પર સર્જાયેલી બે સ્ત્રી કેન્દ્રિત વાર્તાઓ.

સ્ત્રીના જીવનમાં લગ્ન પહેલા અને પછી ઘણું 'પરિવર્તન' આવે છે. સ્ત્રી આવેલા પરિવર્તનનો સંપૂર્ણ સ્વીકાર કરે પછી પણ 'બેવફાઈ' થઈ હોય કે કરી હોય એવી ભાવનાથી ગૂંગળામણ થવા લાગે ત્યારે? બંને વાર્તાઓને અન-બોક્સ કરી જવાબ મેળવવાની કોશિશ કરીએ!

પરિવર્તન વાર્તાનું મુખ્ય પાત્ર છે પૂર્ણાબા. ખાસ્સા લાંબા સમય પછી એ દર્પણમાં પોતાને જોઈ રહ્યાં છે. અત્યાર સુધી તો ભીંતે લટકેલા છબી ચિત્રોમાં જ પોતાનું માથું આશરે ઓળી લેતા. આ ફુરસત અને બદલાવ એમના પતિ શ્રીપતના મૃત્યુએ આણેલો છે. આ જ કેમ? વળી ઘાઘરા પોલકીને બદલે એને તો પાટલૂન ગમતું. બાપુજી એને પૂર્ણ જ કહેતાં! પૂર્ણાને કદી લાંબા વાળ જ ક્યાં ગમતા



અંબોડો નહિ વાળવા બદલ તો ઘરમાં રીતસરનો વિદ્રોહ કરેલો."

શ્રીપત સાથે પરણીને આવી ત્યારે એણે પૂછેલું...

-હું તમને ગમું?'

-હા, તું મને જેવી છે એવી ગમે.

-સાહેબ! શ્રીપત! હું અંબોડો ના વાળું તો તમને હરકત નથી ને?

-પૂર્ણા, ગાંડી છે ને.

મને તો તું બે સેર ગૂંથીને એક આગળ અને એક પાછળ ઝૂલતી રાખે એવું ગમે છે.

લેખકે અહીં માર્મિક સંવાદ મૂકી લગ્નજીવનમાં પુરુષના આધિપત્ય અને સ્ત્રીની સહજ શરણાગતિની વાત કરી છે. સંસાર આ રીતે સુખરુપ ચાલે તોય હરકત નહિ પણ શ્રીપતના અવસાન પછી જૂનું કબાટ ફેંદતાં પૂર્ણાને હાથ એક ડાયરી લાગે છે. જેમાં એ લખતા ગયા છે - "આ બાઈ છેક સુધી મને સમજી ના શકી. પરણીને પસ્તાયો પણ સંસાર નભાવ્યો મેં!"

પૂર્ણાએ આજીવન શ્રીપતની પસંદ નાપસંદ અને પોતાની ઈચ્છાઓનું કાળસ કાઢયા પછી, ઓરમાન બાળકોને ઉછેર્યા અને બાળકો...

***

એક, બે નહિ પૂરાં ત્રણ બાળકોની ટોળકી છે ધીરુબહેન પટેલની વાર્તા 'બેવફાઈમાં'. ત્રણેય મા વગરના. દાદી હતા એટલે સાવ નોધારાં તો નહિ. આમેય ચૌદ વર્ષની તારંગાએ એનાથી બે વર્ષ નાના કિરાત અને સૌથી નાની અનુષ્કાને પોતાની ઓથે લીધેલા. બધું વ્યવસ્થિત ચાલતું અને ચાલત જો અવિનાશે બીજા લગ્ન ના કર્યાં હોત!

સ્મિતા અને અવિનાશ એક ઓફિસમાં જોડે કામ કરતાં. આમ તો અવિનાશ એને ગમતો હતો, નહીંતર પાંત્રીસ વર્ષની ઉંમરે પરણવાનું સાહસ ન કરત. એને તો એકલતાને હડસેલવી હતી. છૈયાં-છોકરાંવાળું એક કુટુંબ... માથે વડીલની છત્રછાયા, એક સમજદાર માણસનો જિંદગીભરનો સાથ... એટલે એને હા પાડી દીધી અને આ ઘરમાં આવી પડી, અણધારી!

સ્મિતાનો ભાઈ ઓસ્ટ્રેલિયા હતો એને જાણ કરવી ના કરવી એક બાબત હતી. સ્મિતા મૂંઝાયેલી હતી પણ જયારે અવિનાશે કહ્યું કે આપણાં લગ્ન એ આપણી અંગત બાબત છે, એમાં બીજા કોઈને લેવાદેવા ન હોઈ શકે - ત્યારે એ વિચારની નીડરતા પર એ મોહી પડેલી અને પરણીને આ ઘરમાં આવી પડી, કોઈપણ પ્રકારની પૂર્વતૈયારી વગર!

બાળકો જોકે આ અણધારી ઘટનાને સ્વીકારી શક્યા નહિ. તારંગાએ બળવો જાહેર કરી દીધો. સ્મિતા સાથે ભળ્યા નહિ. દાદીએ પોતાનાથી બનતા બધાં પ્રયત્નો કરી જોયા પણ વ્યર્થ. બાળકો સાથે સમય



પસાર કરવા લીધેલી બે દિવસની કેઝયુઅલ લીવ સ્મિતાને અસહ્ય થઈ પડી! એને બાળકો ઉછેરવા છે પણ બાળકો...

શ્રીપત સ્વર્ગલોક સિધાવી ગયા અને અવિનાશ ઓફિસ. હવે પૂર્ણાબા અને સ્મિતાએ જીવનમાં આવી પડેલા પરિવર્તનનો પ્રહાર ઝીલવાનો છે. પૂર્ણાબાનો દિકરો આડકતરી રીતે ગામડે મોકલી દેવા માંગે છે જયારે બાએ તો કદીએ એ વિશે વિચાર્યું નહતું! પુર્ણાબા શું નિર્ણય લે છે એ જોવું રહ્યું. 'બેવફાઈમાં' નિર્ણય બાળકોએ લેવાનો છે, શું સ્મિતા ધીરજ રાખી શકશે? બાળકોનો નિર્ણય એની તરફેણમાં આવશે?

સામાન્ય લેખક હોત તો 'બેવફાઈ' શીર્ષકનો ચીલાચાલુ અર્થ લઈ વાર્તાનો અંત આણત. ધીરુબહેન તો કથાના નીવડેલ કસબી અને એમની કલાની ચમત્કૃતિ માટે આ વાર્તા જરૂર વાંચજો.

આપના પ્રતિભાવ tejnikalme@gmail.com પર મોકલી શકશો.



# તમને મળ્યાનું યાદ

## લીલાછમ રંગની વાર્તા



રાજુલ ભાનુશાલી

**એમણે**

**પહેલીવાર**

**હૃદય સરસી ચાંપી,**

**પછી**

**અળગું થયું તે તો**

**માત્ર કલેવર હતું!**

**~ સુચિતા કપૂર**

***

ઘણા વર્ષોથી એમની સાથે વાત નથી કરી. એમના મુખેથી ઉચ્ચારાયેલું મારું નામ કાનમાં કાયમ પડઘાયા કરે છે. એ લહેકો હજુય એટલો જ ગમે છે. એમને હું નામ લઈને બોલાવવા માંગુ છું. પણ એ શક્ય નથી! ગમતી વ્યક્તિનું નામ પણ ન લઈ શકવું એનાથી વધુ પીડાદાયક કોઈ વસ્તુ નથી.

ક્યારેક એ નામ ક્યાંક દેખાઈ કે સંભળાઈ જાય તો હૃદય બેચાર ધબકારાં ચૂકી જાય છે. રાહ જોતી રહું છું કે એવું બને, હૃદય



ધબકારાં ચૂકે! ફેવરિટ ગીત સાંભળતા હોઈએ ત્યારે એમાં બોલ શરુ થાય એથી પહેલાં વાગતું ઇન્સ્ટ્રુમેન્ટલ સંગીત પૂરું થવાનું રાહ જોઈએ એવી રીતે. આજે પવને થોડુંક જોર પકડ્યું છે. બારીને હળવો ધક્કો મારવાનો એ ક્યારથી પ્રયત્ન કરી રહ્યો છે. પરંતુ સ્ટોપર લાગેલી છે એટલે બારી બંધ તો નથી થઈ જતી, પણ સતત લાગતાં ધક્કાને કારણે ધીમોધીમો ખટખટનો અવાજ આવ્યા કરે છે. એ અવાજ પૂરી તન્મયતાથી સાંભળું છું. એમણે પહેલીવાર મારી રૂમના દરવાજે નૉક કરેલું એ અવાજ ડીટ્ટો આના જેવો જ હતો. બારીમાં લટકતું વિન્ડચાઇમ વચ્ચવચ્ચે રણઝણીને પોતાની હાજરી પુરાવતું રહે છે. એની પાછળ દેખાતા આકાશમાં આજે થોડીક પીળાશ વર્તાય છે. પરંતુ એ પીળાશ

આકાશની નથી. અસ્ત થતાં સૂરજની પણ નથી. એ મારા ચિત્તમાં ફેલાયેલી પીળાશનો ઓછાયો છે. આ પીળાશ ધીમેધીમે બધું જ બાનમાં લઈ રહી છે, બધું જ. સૂરજ અસ્ત થઈ રહ્યો છે. અંધારું ઉતરી રહ્યું છે. એ અંધારામાંથી એક ખોબો ભરીને હું મારી આસપાસ વેરી દઉં છું અને બધું જ ઢંકાઈ જાય છે. પેલી પીળાશ પણ! હવે હું ધીમા સ્વરમાં એમનું નામ લઈ શકું છું. હું લઉં છું, અને હું જ સાંભળું છું. નામ ઉચ્ચારતી વખતે મારી આંખોમાં ઉપસી આવેલી ચમક હવે કોઈને નહીં દેખાય! ચિત્તમાં ઉમંગની લહેર દોડી જાય છે. પણ પેલી પીળાશ ન જાણે કેવી છે કે રહીરહીને આંખો તરલ થઈ જાય છે. એવું નથી કે મેં ભુલવાનો પ્રયત્ન નથી કર્યો. ચારે દિશાથી હૃદયને તાળા દઈ દીધા છે. એ રસ્તા મૂકી દીધાં જ્યાં એમની હરફર હતી. કોઈ મેસેજ નહીં. કોઈ સંપર્ક નહીં દૂરદૂર સુધી નહીં પણ જે લોહીમાં ભળી ગયું હોય એને અળગું કરી શકાતું નથી. આ ક્ષણનું આ જ સત્ય છે.

જોકે ક્યારેક સ્વપ્નોમાં અલપઝલપ ભેટ થઈ જાય છે ખરી. પરંતુ હજુ ધરાઈને જોવા પણ પામું એ પહેલાં તો સ્વપ્નની કિનારીઓ અદ્રશ્ય થવા માંડે છે. હું એમનો અદ્રશ્ય થતો હાથ પકડવા મથું છું, પણ હથેળી હજુ એ હાથનો સ્પર્શ સુદ્ધાં અનુભવે એ પહેલાં જ તે ઓગળવા લાગે છે. મારી અટુલી હથેળી પર માત્ર થોડીક હુંફ બાકી રહી જાય છે. છેલ્લા ઘણા વખતથી હું મારાં સ્વપ્નોને સમજાવી રહી છું કે મને એમની બિલકુલ યાદ નથી આવતી. પરંતુ એમને સમજ પડતી નથી. જેમની સાથે મન અને આત્મા જોડાઈ જાય એવા લોકો જીવનમાં બહુ ઓછા મળે છે. એવું લાગે છે કે અમે કોઈક આગલા જન્મના ઋણાનુબંધે મળ્યા હતા. હું નથી જાણતી કે એ મારા વિશે શું વિચારે છે? મને યાદ પણ કરે છે કે નહીં? માત્ર એકાદ બે વાર મળ્યા હોઈએ એવી કેટલીય વ્યક્તિઓ બહુ જલ્દી સ્મૃતિશેષ થઈ જતી હોય છે. પણ હું એમને નથી ભૂલી. નથી ભૂલી શકતી.

એ એકાદ બેવારના મેળાપમાં એમની સાથે વીતાવેલી દરેક ક્ષણ મને યથાતથ યાદ છે. એ ક્ષણો હૃદયમાં એવી રીતે અંકાઈ ગઈ છે જાને કોઈ સુંદર પેઇન્ટિન્ગ હોય. એવું પેઇન્ટિન્ગ જેના રંગો ક્યારેય ફીકા પડવાના નથી. એ ઢળતી સાંજ, તરબતર કરી દેતી એમના ડીઓની સુગંધ, કપાળ પર બાજી ગયેલાં પરસેવાના થોડાંક ટીપાં, એમણે આપેલું એ હુંફાળું આલિંગન, એ સ્પર્શ, એ અનુભુતિ. એ દિવસે એમણે પહેલીવાર મને હૃદય સરસી ચાંપી હતી. પછી અળગું થયું તે તો માત્ર કલેવર હતું!

સાંજ પૂરેપૂરી ઢળી ગઈ છે. આજે એક અરસા પછી મેં એમનું નામ લીધું છે.

વાતાવરણ મઘમઘી ઊઠ્યું છે. આજની આ ક્ષણો પણ હૃદયમાં એવી રીતે અંકાઈ ગઈ છે જાણે કોઈ સુંદર પેઇન્ટિન્ગ હોય. એવું પેઇન્ટિન્ગ જેના રંગો ક્યારેય ફીકા પડવાના નથી. હું આજે એના વિશે લખી રહી છું જેથી એ સદાય સૌભાગ્યવતી રહી શકે. આ ક્ષણનું આ જ સત્ય છે.

***

ભાવનગરમાં રહેતાં સુચિતાબહેનના અત્યાર સુધી બે પુસ્તકો અનુક્રમે 'સીડલિંગ' અને 'કશિશ' પ્રકાશિત થયાં છે અને ત્રીજું પુસ્તક 'ઓલિયો' પ્રકાશાધિન છે. કાવ્ય લખવા સાથે સાથે તેઓ પોરબંદરના 'ખબર જગત' સમાચારપત્રમાં 'પોઝિટિવ સ્ટોરી' અને 'દીવાના અજવાસે' શીર્ષકથી બે કૉલમ પણ લખે છે. કવિ, લેખિક અને કૉલમિસ્ટ હોવા સાથે તેઓ સામાજિક કાર્યકર તરીકે પણ કાર્યરત છે. 'સર્વ મિત્ર (કે.આર.દોશી ટ્રસ્ટ)ના કોર્ડિનેટર તરીકે કાર્યરત હોવા ઉપરાંત એમણે

કિડનીના દર્દીઓના લાભાર્થે પણ નોંધનીય કાર્ય કર્યું છે. 'કૃષ્ણાર્પણ' બેનર નીચે તેઓ સ્ટ્રે એનિમલ માટે પણ ઘણું સારું કાર્ય કરી રહ્યાં છે. આ વર્ષે એમણે ટ્રી ગાર્ડ સાથે લગભગ ૭૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર પણ કર્યું છે. તે ઉપરાંત જરુરતમંદોને અનાજ કીટની સહાય, કૃત્રિમ હાથ વિતરણ કેંદ્ર, માટીની પરબડીનું વિતરણ એવું બીજું ઘણું બધું કરતાં રહે છે.

ઠાલાં શબ્દો ન વેડફે એ ઉત્તમ કવિ. પ્રસ્તુત કાવ્યમાં નાયક નાયિકાને પહેલીવાર હૃદય સરસી ચાંપે છે ત્યારે નાયિકાને થયેલી અનુભુતિની વાત છે. કાવ્ય પ્રણય અનુભુતિની તીવ્રતાને વ્યક્ત કરે છે. કવિએ આ ટચુકડા કાવ્યના માધ્યમથી કેટલું બધું કહી દીધું છે! જાણે વીતી ગયેલી મોસમના પ્રતીક સમું એક છેલ્લું સુક્કું પાંદડું કોઈ કાવ્યના પુસ્તકના પાનાઓ વચ્ચે પડ્યુંપડ્યું એણે જોયેલા લીલાછમ રંગની વાર્તા કહી રહ્યું છે!





# હવે પ્લાસ્ટિકમાંથી બનશે ભારતના નવા રસ્તાઓ !

વર્ધન શાહ



આ ટેક્નોલોજી ભારતના ‘પ્લાસ્ટિક મેન’, મદુરાઈની થિયાગરાજર કોલેજ ઑફ એન્જિનિયરિંગના રસાયણશાસ્ત્રના પ્રોફેસર રાજગોપાલન વાસુદેવન દ્વારા વિકસાવવામાં આવી હતી.

**પ્લાસ્ટિકની સમસ્યાઓ:**

પ્લાસ્ટિક ધીમે ધીમે માનવીની તમામ જરૂરિયાતોનું અભિન્ન અંગ બની ગયું છે. પ્લાસ્ટિક કેરી બેગ્સ, પેકેજિંગ સામગ્રી, બોટલ, કપ અને અન્ય વિવિધ વસ્તુઓએ ધીમે ધીમે પ્લાસ્ટિકના ફાયદાઓને કારણે અન્ય સામગ્રીમાંથી બનેલી દરેક વસ્તુનું સ્થાન લીધું છે. પ્લાસ્ટિક ટકાઉ, ઉત્પાદનમાં સરળ, હલકો, અતૂટ, ગંધહીન અને રાસાયણિક પ્રતિરોધક છે, પરંતુ પ્લાસ્ટિકનું વિઘટન થતું નથી. આ તેની સૌથી મોટી ખામી છે.

પ્લાસ્ટીકનો કચરો દેશભરમાં અસામાન્ય રીતે જોવા મળે છે અને તેનાથી અનેક સમસ્યાઓ ઉભી થવા લાગી છે. પ્લાસ્ટિકનો કચરો ગટરમાં ભરાઈ જાય છે, જેના કારણે પૂર આવે છે. તે પ્રાણીઓને ગૂંગળાવે છે જેઓ પ્લાસ્ટિકની થેલીઓ વગેરે ખાય છે. ખેતરોમાં જોવા મળતા પ્લાસ્ટિક અંકુરણને અવરોધે છે અને વરસાદી પાણીનું શોષણ અટકાવે છે.

પ્લાસ્ટિકનું રિસાયક્લિંગ ફક્ત ૩-૪ વખત જ થઈ શકે છે અને રિસાયક્લિંગ માટે પ્લાસ્ટિકને પીગળવાથી અત્યંત ઝેરી ધૂમાડો નીકળે છે.

ગઈ સદીના અંત સુધીમાં, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને તેમાંથી પેદા થતા કચરાને નિયંત્રિત કરવા માટે ઘણો અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. આ તે સમયગાળો હતો, જ્યારે એક સાંજે પ્રો. વાસુદેવને એક ટીવી કાર્યક્રમમાં એક ડૉક્ટરને એમ કહેતા જોયા કે પ્રાણીના શરીરમાં ‘ઓગળેલા’ પ્લાસ્ટિકથી પ્રદૂષણ થાય છે.

"આનાથી મને વિચાર આવ્યો. પ્લાસ્ટિક પેટ્રોલિયમની પેદાશ હોવાથી ડૉક્ટરની આ થિયરી ખોટી ઠરી. સમગ્ર દેશમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવા અને આખા દેશમાં ફેલાતા પ્લાસ્ટિકના કચરાના ઉકેલો શોધવા અંગે ઘણી ગંભીર વાતો થઈ હતી. મેં વેસ્ટ પ્લાસ્ટિક સાથે પ્રયોગ કરવાનો પડકાર લેવાનું નક્કી કર્યું." - તેવું પ્રોફેસર કહે છે.

**પ્રક્રિયા:**

કચરાના પ્લાસ્ટિકને ગરમ બિટ્યુમેન સાથે ભેળવવાના અને મિશ્રણને પથ્થર પર કોટિંગ કરવાના પ્રયોગશાળાના પરિણામો સકારાત્મક સાબિત થયા. તેમણે ૨૦૦૨-૨૦૦૫માં તેમની કોલેજના પરિસરમાં બનેલા રોડ પર પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ અમલમાં મૂક્યો હતો.

"આજની તારીખમાં, રસ્તાનો આ વિસ્તાર હજુ પણ મજબૂત છે. ૨૦૦૬માં, થિયાગરાજર કોલેજ ઓફ એન્જિનિયરિંગને આ ટેક્નોલોજી માટે પેટન્ટ પ્રાપ્ત થઈ." - તેવું પ્રોફેસર કહે છે.

પ્લાસ્ટિક વેસ્ટ વસ્તુઓ જેનો ઉપયોગ રસ્તાના બાંધકામ માટે થઈ શકે છે, તેમાં વિવિધ વસ્તુઓ જેવી કે પ્લાસ્ટિકની કેરીબેગ્સ, પ્લાસ્ટિક કપ, બટાકાની ચિપ્સ માટે પ્લાસ્ટિક પેકેજિંગ, બિસ્કિટ, ચોકલેટ વગેરેનો સમાવેશ થાય છે.

સમગ્ર પ્રક્રિયા ખૂબ જ સરળ છે. પ્લાસ્ટિકનો કચરો સૌપ્રથમ કટીંગ મશીનનો ઉપયોગ કરીને ચોક્કસ કદમાં કાપવામાં આવે છે. એકંદર મિશ્રણને ૧૫૫-૧૭૦°c પર ગરમ કરવામાં આવે છે અને તેને મિક્સિંગ ચેમ્બરમાં સ્થાનાંતરિત કરવામાં આવે છે, અને સખત બાઈન્ડિંગમાં આકાર આપવા માટે બિટ્યુમેનને ૧૬૦-૧૭૦°c પર ગરમ કરવામાં આવે છે. ગરમી દરમિયાન તાપમાનનું નિરીક્ષણ કરાય છે.

કટીંગ મશીનનો ઉપયોગ કરીને કાપેલ પ્લાસ્ટિક કચરો પછી એકંદર ઉમેરવામાં આવે છે. તે ૩૦ થી ૬૦ સેકન્ડની અંદર એકંદર પર એકસરખી રીતે કોટ થઈ જાય છે, જે તેલયુક્ત દેખાવ આપે છે. પ્લાસ્ટિક વેસ્ટ કોટેડ એગ્રીગેટને ગરમ બિટ્યુમેન સાથે મિશ્રિત કરવામાં આવે છે અને પરિણામી મિશ્રણનો ઉપયોગ રસ્તાના બાંધકામ માટે થાય છે. રોડ બિછાવવાનું તાપમાન ૧૧૦° સે થી ૧૨૦° સે વચ્ચે છે.



**ફાયદાઓ:**

"રસ્તાના બાંધકામ માટે વેસ્ટ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાના ઘણા ફાયદા છે. પ્રક્રિયા સરળ છે અને તેને કોઈ નવી મશીનરીની જરૂર નથી. દરેક એક કિલોના પથ્થર માટે, ૫૦ ગ્રામ બિટ્યુમેનનો ઉપયોગ થાય છે અને તેનો ૧૦મો ભાગ પ્લાસ્ટિકનો કચરો છે; આ પ્રક્રિયા ઉપયોગમાં લેવાતા બિટ્યુમેનની માત્રાને ઘટાડે છે. પ્લાસ્ટિક એકંદર અસર મૂલ્યમાં વધારો કરે છે અને લવચીક પેવમેન્ટ્સની ગુણવત્તામાં સુધારો કરે છે. અને આનાથી રસ્તાઓનો ઘસારો મોટા પ્રમાણમાં ઘટી જાય છે" - ભારતના ગૌરવપૂર્ણ પ્લાસ્ટિક મેન સમજાવે છે.

આ માર્ગ નિર્માણ પ્રક્રિયા અત્યંત પર્યાવરણને અનુકૂળ છે, જેમાં કોઈ ઝેરી વાયુઓ છોડવામાં આવતા નથી તથા આ પ્રક્રિયાએ રાગ પીકર્સ, એટલે કે કચરો ઉઠાવવા વાળા મજૂરો માટે વધારાની નોકરી પેદા કરી છે.

પ્લાસ્ટિકનો કચરો રસ્તાની મજબૂતાઈ વધારવામાં મદદ કરે છે, રસ્તાનો તાણ ઓછો કરે છે. આ રસ્તાઓ વરસાદના પાણી અને ઠંડા હવામાન સામે વધુ સારી રીતે પ્રતિકાર ધરાવે છે. નાના રસ્તા માટે પ્લાસ્ટિકના કચરાનો મોટો જથ્થો જરૂરી હોવાથી આજુબાજુ ફેલાતા પ્લાસ્ટિકના કચરાનું પ્રમાણ ચોક્કસપણે ઘટશે.

પ્રોફેસર આર વાસુદેવનનો પ્રયોગ ચાલુ રાખવાનો ઝોક અન્ય નવીનતા તરફ દોરી ગયો. તેણે પ્લાસ્ટિક કોટિંગ વડે સ્ટોન બ્લોક બનાવવાનો પ્રયાસ કરવાનું નક્કી કર્યું અને ૨૦૧૨-૧૩માં 'પ્લાસ્ટોન'નો જન્મ થયો. પ્લાસ્ટોન બ્લોક, એ કચરાના પ્લાસ્ટિક અને પથ્થરના મિશ્રણમાંથી બનાવવામાં આવે છે. તે વધુ દબાણનો સામનો કરે છે અને તે પાણીના પ્રવાહને પ્રતિકાર કરે છે. રસાયણશાસ્ત્રના પ્રોફેસર વિભાગમાં તેઓએ પ્લાસ્ટિકના કચરા સાથે ગ્રેનાઈટ અને સિરામિક વેસ્ટનો ઉપયોગ કરીને પ્લાસ્ટોન બ્લોક્સ બનાવ્યા છે.

દરેક પ્લાસ્ટોન બ્લોક ૩૦૦ પ્લાસ્ટિક કેરી બેગ અને લગભગ ૬ PET (પોલીથીન તેરીફ્થૈલેટ) બોટલનો ઉપયોગ કરે છે.

લગભગ ૧૦% ઘન કચરામાં વપરાયેલી સામગ્રીનો સમાવેશ થાય છે જેને ટુકડાઓમાં તોડીને પ્લાસ્ટોન બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. પ્લાસ્ટોનનો મુખ્ય ફાયદો એ તેની બિન-છિદ્રાળુ પ્રકૃતિ અને પાણીના પ્રવેશને રોકવાની ક્ષમતા છે.

પ્લાસ્ટોનનો ઉપયોગ ફ્લોરિંગ માટે પણ કરી શકાય છે, ખાસ કરીને ઘરની બહારનું ફ્લોરિંગ. તે સિમેન્ટ બ્લોક્સ માટે સસ્તો અને મજબૂત વિકલ્પ હોઈ શકે છે, જે


સતત વરસાદમાં સુકાઈ જવાની વૃત્તિ ધરાવે છે. તે જળાશયો, ખાસ કરીને નહેરો માટે અસરકારક લાઇનર બની શકે છે, જે પાણીના પ્રવાહને અટકાવે છે. તેનો ઉપયોગ કમ્પાઉન્ડ દિવાલોને વધારવા માટે પણ થઈ શકે છે. તેને રંગીન અને આકર્ષક બનાવવા માટે પ્રવાહી મિશ્રણનો કોટ આપી શકાય છે.

કોલેજ અને ખાસ કરીને પ્રોફેસરને આ ટેક્નોલોજી માટે યુરોપ અને અમેરિકાના વિવિધ દેશોમાંથી ઘણી બધી ક્વેરી મળી રહી છે.

પ્રોફેસર કહે છે, "સ્વચ્છ ભારત અમારી પ્રથમ પ્રાથમિકતા છે. અમે સૌપ્રથમ ભારતને રસ્તાના બાંધકામમાં પ્લાસ્ટિકના કચરાનો ઉપયોગ કરવા અને પ્લાસ્ટોનના ઉપયોગ અંગેનો સંદેશો ફેલાવીને તેના કચરાનો નિકાલ કરવામાં મદદ કરીશું. એકવાર અમે અમારા દેશના લગભગ દરેક ભાગમાં આગળ વધીશું, અમે આ ટેક્નોલોજી અન્ય દેશો સાથે શેર કરીશું."

**સરકારનું વલણ:**

નવેમ્બર, ૨૦૧૫ના એક સરકારી આદેશે દેશના તમામ રોડ ડેવલપર્સ માટે રસ્તાના નિર્માણ માટે બિટ્યુમિનસ મિક્સ સાથે વેસ્ટ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાનું ફરજિયાત બનાવ્યું છે. આ આદેશ ભારતમાં પ્લાસ્ટિક કચરાના નિકાલની વધતી જતી સમસ્યાને દૂર કરવામાં મદદરૂપ બનશે.



## લઘુ-નવલ




અર્ચિતા દીપક પંડ્યા


# તડકા ભીનાં મૃગજળ

ગયા અંકમાં આપણે જોયું કે...

મૃગાને હવે પુખ્તવયે પોતાની વિચારધારા વિકસ્યા પછી એની મમ્મીના વિચારો રૂઢિચુસ્ત અને જુનવાણી લાગે છે. મૌલિનનો સ્વાર્થ એની સમજની બહાર હતો. અનિક એને નવા પ્રોજેક્ટથી વાકેફ કરે છે. મૃગા નિર્ણય નથી લઈ શકતી કે એમાં જોડાવું કે નહીં. પ્રથમને પોતાના છૂટાછેડાના વિચાર વિશે વાત કરે છે ત્યારે એનું વર્તન ધારણાથી વિપરીત હોય છે. હવે આગળ..

### પ્રકરણ ૬ : જળમાં તિરાડ

પ્રથમની ટકોર અને અચાનક ઉપર દોડી જવાની ઘટનાએ મૃગાને વિચારતી કરી દીધી, જાણે શાંત, તપ્ત રણમાં કોઈ ગરમ હવાની લહેરખીએ ધૂળની ડમરીથી વાતાવરણ ડહોળી નાંખ્યું. સમષ્ટિના અણુ એ અણુથી અલગ થઈને કોઈ નવી જ દુનિયામાં આવી હોય એમ મૃગા પોતાને એકદમ 'એકલી' મહેસૂસ કરવા લાગી. સામે દ્રશ્યમાન ઈન્દુમાસી દ્વારા બોલાયેલા



શબ્દો મૃગાની આસપાસ ઘૂમરાતા હતા અને મૃગાના મનને અંતરથી હલબલાવી દેતા હતા.

આમ તો સામાન્ય રીતે ઈન્દુમાસી જોડે કેટલીયે વાતો કરતી હોત પણ પ્રથમના વર્તને એનાં મનમાં શંકાનું બીજ રોપ્યું હતું. મૃગા પોતે એ શબ્દોના વાવાઝોડાને જાણે ઝેલતી હોય એમ ઉદ્વિગ્ન મને ઈન્દુમાસીની વાતને 'હા એ હા' કરતી રહી, પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપતી રહી. ઈન્દુમાસીએ ટકોર પણ કરી,

"છોકરી, પરણ્યા પછી બદલાઈ ગઈ છે તું!"

"અરે...સૉરી માસી, હું કંઈક વિચારમાં હતી!"

"કેમ નહીં? બે વર્ષનો અહાંગરો દૂર કરવાનો સમય આવ્યો, નહીં? તું તો નવેસરથી સાસરે જતી હોય એવું લાગશે તને!"

"શું માસી તમે ય!"

મૃગાએ પરાણે વાત પૂરી કરી. બાળગોઠિયો પ્રથમ મૃગાને મળ્યા પછી પણ બીજી કોઈ વાતમાં પરોવાયેલો રહે એ ઘટના મૃગા પચાવી નહોતી શકતી. એવું શું થયું કે છૂટાછેડાની વાત નીકળી પછી પોતાનાથી દૂર, પ્રથમ ઉપર જઈને ફોન પર વાત કરતો હતો? પોતે અમદાવાદથી દૂર રહી એ દરમિયાન એવું શું બની ગયું કે મૌલિન પારુમાનો માનીતો બની ગયો? પ્રથમ પણ મૌલિનની તરફદારી કરવા માંડ્યો? શું એ ફોન પર મૌલિન જોડે વાત કરતો હતો?

સમજી ન શકાય એવા ગુસ્સાની આગથી મૃગા જાણે સળગી રહી હતી. પ્રથમને એ પોતે ખૂબ ગમતી એટલે પ્રથમે સદાય મૃગાની દરેક વાતને ખૂબ મહત્વ આપેલું. "આટલા પંદર વર્ષની દોસ્તીમાં મારો પડ્યો બોલ ઝીલનાર પ્રથમ એકાએક મૌલિન તરફી કેવી રીતે થઈ શકે?" પ્રથમ માટે તો મૌલિન હરિફ સમાન હતો. પ્રથમ પોતાને ખૂબ પસંદ કરતો હોવા છતાં કોલેજકાળથી નેતા અને કસરતી શરીર ધરાવતા એવા મૌલિન પર મૃગાએ પસંદગી ઉતારેલી. એ તો પ્રથમની સાદગી અને સારાઈ હતી કે એ બધું ભૂલીને મૈત્રીને જ મહત્વ આપતો અને મૃગા સાથે એવી જ મૈત્રી જાળવતો રહ્યો. એના માટે મૃગાના મોંએથી નીકળેલ વાક્ય એ સોનાની રેખ સમાન હતું.

"પ્રથમ મારી તકલીફ સમજવાને બદલે મને કેમ ડરાવવા લાગ્યો? મારી કારકિર્દી માટે પણ હું આટલી ચિંતિત છું, છતાં એણે કેમ એ વિશે મને એક પણ સવાલ ન કર્યો? પ્રથમ તો જાણે સાવ બદલાઈ ગયો છે! ભલે, જેવી નસીબની બલિહારી! એ મને સાથ ન આપે, પણ હું મારો રસ્તો જાતે શોધી જ લઈશ. બધાંને બતાવી દઈશ!" મૃગાનું મન પ્રશ્નો અને દલિલોથી ભરાઈ ગયું.

આવેશમાં એની ચાલવાની ઝડપ જેમ જેમ વધી, એમ એમ એનાં મનમાં લાગેલી ગુસ્સાની આગ થોડી ઠંડી પડી. મોબાઈલની રિંગ વાગી કે એની ચાલ પણ ધીમી પડી. ફોન જોઈને એ વિચારમાં પડી ગઈ.

'વોટ્સએપ વિડિયો કોલ?'

ફોન ઉપાડતાં જ સાસુમાનો ચહેરો દેખાયો. મૃગા એકદમ નરમ પડી ગઈ.

"જય શ્રી કૃષ્ણ મમ્મીજી! કેમ છો?"

"બેટા અમદાવાદ આવી ગઈ, તો ફોન ન કર્યો?"

"મમ્મીજી આજે ફોન કરવાની જ હતી. થોડીક થાકી ગઈ હતી અને ફરી કચ્છ જવાનું પ્લાનિંગ થતું હતું એટલે થયું કે એ બધું નક્કી થાય પછી જ ફોન કરું."

"વાહ મૃગા બેટા, કચ્છ? મને કચ્છનો બહુ નેડો.. તારે શા માટે જવાનું હતું? કંપનીના કામે?"

"અરે ના ના. એક કંપનીના મોડેલિંગ માટે. કચ્છી બહેનોના ગૃહઉદ્યોગની કંપની છે."

"ચોક્કસ જજે બેટા. પણ જરા તારીખો પહેલા જણાવજે."

અચાનક ફોનના કેમેરામાં એક મોટા માથાવાળી છોકરી દેખાઈ. એનાં કાલા કાલા અવાજથી મૃગાની આંખમાં અમી છલકાવા લાગ્યા.

"ભાભી.. ભાભી.. ક્યારે આવો છો અહીં?"

મૃગાના સાસુએ વચ્ચે જ બોલવા માંડ્યું.

"અરે સ્વીટી, ફોન આંચકી લેવાય? ભાભીને હેરાન નહીં કરવાના હોં!"

સ્વીટી મેન્ટલી રિટાર્ડેડ હતી. એને સાચવવામાં જ મૌલિનના મમ્મી એટલે કે રન્નાબેનનો સમય વ્યતિત થતો.

"મારે ભાભી પાસે જવું છે.. જવું છે."

સ્વીટીનું રડવાનું શરૂ થતાં મૃગા મૂંઝાઈ.

"હું આવું... હમણાં આવું છું..."

"બેટા આવજે, ફોન મૂકું. પછી એ સૂતી હોય ત્યારે વાત કરીશ."

"ઓકે મમ્મીજી. જય શ્રી કૃષ્ણ."

"સંવેદનાની સફર કેટલી આહ્લાદક રહી!"

મૃગા મનમાં જ બોલી. ગુસ્સાથી શરૂ થયેલો આવેગ કેટકેટલા સ્વરૂપ બદલીને એની સાથે હતો! અત્યારે તો એ સાસુની અને મૌલિનની બહેન સ્વીટી તરફ લાગણી અનુભવતી હતી. લાગણીની એ લહેરખીએ મનને થોડી શાતા આપી. રન્નાબેન એટલે એકદમ આધુનિક સાસુમા. વહુ જોડે કોઈ અપેક્ષા તો નહીં પણ વહુને દીકરીથી પણ વધારે ગણે એવા! અત્યારે મૃગાને થોડો અફસોસ થયો. એને દુઃખ થયું કે એણે સામેથી સાસુ જોડે વાત ન કરી. પારુમાની અનેકવાર સૂચના છતાં એ એકની બે નહોતી થઈ.

પણ ફરી મનનો ઉચાટ ભરતીની જેમ આગળ આવ્યો. "હવે કેટલાં દિવસ એ સાસુમા રહેવાના? મારે શા માટે સાસરે જવું જ જોઈએ! એના દિકરાને કંઈ પડી છે? એને તો બસ, એ અને એનું રાજકારણ!

ત્યારે હું શું ખાલી કુટુંબને પરણી છું?" મનમાં વિચારોનો ચક્રવાત ચાલુ રહ્યો અને મૃગાનું ઘર આવી ગયું. દૂરથી જોયું તો પારુમા એમના કારીગરોને કાલની તૈયારી રૂપે સૂચના આપી રહ્યા હતા.

"મમ્મા, આજે શું જમાડીશ?"

"રીંગણનો ઓળો, રોટલો, દહીં ને લસણની ચટણી."

"અરે વાહ, અત્યારથી મોંમાં પાણી આવી ગયું!"

"તું તળેલું નથી ખાતી એટલે લીલવાની કચોરી રહેવા દીધી!"

"મેરી પ્યારી મમ્મા! તને કેવી રીતે ખબર પડી? મોડેલિંગનો બીજો પ્રોજેક્ટ આવી ગયો છે. હું તને કહેવાની જ હતી! આવતી કાલથી એકદમ કડક ડાયેટિંગ અને કસરતપાલન! મને મદદ કરીશ ને?"

"શું વાત કરે છે? હવે આ મોડેલિંગ ફોડેલિંગ છોડ મારી બાઈ.. તારું ઘર સંભાળ!"

"વર વગરનું ઘર તો સાસરું ય નથી ને ઘર પણ નથી મમ્મી!"

"આટલા સમજુ છોકરાને કેમ આવું કહે છે?"

"સમજુ? એ તો એના રાજકરણને જ પોતાની જિંદગી માને છે. એની રાજકીય પાર્ટી જ એની વહુ છે. મારે આવા વર જોડે નથી રહેવું."

"હવે આગળ બોલી છે તો મારું મરેલું મોં જોઈશ તું!"

"કોઈ વાતે જે સમજવા તૈયાર જ ન હોય એને કેમ સમજાવવું?"

"મૌલિન આજે સાંજે તને ફોન કરવાનો છે. જરા વ્યવસ્થિત વાત કરજે!"

"જોઈશ! એ સરખું બોલશે તો વાત કરીશ."

પારુમાનો ગુસ્સો જ્વાળામુખીની જેમ ફાટ્યો પણ મોટી થયેલી દીકરી જોડે માથાફૂટ ટાળી કામમાં મન પરોવવા લાગ્યા.

મૃગા ફરી એકલી પડી. એના મનમાં એની કારકિર્દી, કુટુંબ અને જીવનની શાંતિના ત્રણે પડાવ જાણે એને બોલાવી રહ્યા હતા. એના મનમાં પ્રશ્નો ઊઠ્યા.



"કોણ હતી એ પોતે? મૃગા એટલે કોણ? પારુમાની દીકરી? મૌલિનની પત્ની? શા માટે કોઈ ઢાંચામાં એણે ઢળી જઈને પોતાની જિંદગી જીવવી? હજુ એણે પોતે કંઈક બનવાનું છે. કોઈ એની સાથે રહે કે ન રહે પણ જીવનમાં કંઈ હાંસલ કરવાનું છે. કદાચ એક રાજકારણીના ઘરની વહુરૂપી કઠપૂતળી બની પણ જાઉં. પણ મારો આત્મા એ નકાબપોશી સહન કરશે? હું એક સ્વતંત્ર મિજાજની વ્યક્તિ છું. ખંધા રાજકારણી જે કુટુંબમાં છે એમની સાથે નહીં રહી શકું. મૌલિનની નેતાગીરી એના વ્યક્તિત્વ સાથે આ રીતે ચોંટી જશે એવું તો મેં ધાર્યું જ નહોતું! એમાં પારુમા...કાયમ કડક વર્તન રાખનારી મા મને ટેકો આપશે ખરી?"

પારુમાના મોટા અવાજે એનું ધ્યાનભંગ કર્યું,

"ઓ હો હો... મૌલિનકુમાર.. એ શું બોલ્યા? તમતમારે કોઈ ચિંતા ન કરો, બધો પ્રસાદ અહીંથી જ બની જશે. પારુમા એમ ગાંજ્યા જાય એવા નથી હોં! પારુમાની ટીમ પહોંચી જ વળે! હવે ફિકર નોટ... તમે કીધું એટલે થઈ ગયું. શું.. અરે ના. અહીં જ છે ને મૃગા! લો આપું એને ફોન."

મૃગા ના કહેતી, માથું ધૂણાવતી રહી, અને પારુમાએ ફોન એના હાથમાં પકડાવી દીધો.

"હલ્લો મૌલિન, મારો ફોન કેમ ઉપાડ્યો નહીં? અને મારા ફોન પર તો ફોન કર્યો જ નહીં! "

"ફોન ઉપર તો તું બેંગલોરથી બોલે કે અમદાવાદથી, શું ફરક પડે? ઘરે કયારે આવે છે એમ કહે."

"હમણાં તો.. હજુ તો આવી છું, મમ્મી પાસે રહેવું છે થોડો વખત."

"તો પારુમાને લઈને આવ. પણ ઘરે તો આવ."

"મમ્મીજીનો ફોન આવેલો આજે. સ્વીટી પણ.. "

"એનાંથી રહેવાયું નહીં. ખરું ને?"

"હા, મેં કહ્યું કચ્છ જઈ આવું પછી આવીશ."

"એનીહાઉ. તારે આ વીક તો આવવું જ પડશે."

"કેમ?"

"સ્વામી ધર્માનંદજીની આપણે ત્યાં પધરામણી છે, તો ઘરના બધા સભ્યો હાજર હોવા જોઈએ ને?"

"શૂટિંગ ડેઈટ્સ પોસ્ટપોન્ડ ન થઈ શકે."

"ઘરમાં આવેલા પ્રસંગની કોઈ કિંમત નથી તને?"

"મૌલિ..."

"હજુ એક ખોટ તો ભરપાઈ કરવાની છે તારે!"

"વ્હોટ? ખોટ? કઈ?"

"બહાદુરી બતાવવા ઓફિસના ગપલાં ઢાંકવાની તેં ના પાડી. એટલું તેં કરી આપ્યું હોત તો નાગરાજન્ પાર્ટી માટે મને ફંડ મોકલવાનો હતો. તારી આડાઈને લીધે મને ખોટ પડી."

"શી! તું અને તારું રાજકારણ!"

"મોં સંભાળીને બોલ. આ બધી જાહોજલાલી એને લીધે જ છે. કાલે તું ઘરે આવી જજે. ધર્માનંદજી છે ત્યાં સુધી ઘરમાં એમના માટેની બધી વ્યવસ્થા ગોઠવવા તારે ઘરે જ રહેવું પડશે."

"મૌ..."


મૃગા કંઈ બોલવા જાય એ પહેલાં જ ફોન ડિસકનેક્ટ થઈ ગયો.





કશ્યપ જોષી

# સ્વયં-સંચાલિત વાહન



હાલના સમયમાં ટેક્નોલોજીમાં અવનવી શોધ થાય છે અને તેના પરિણામ સ્વરૂપ મનુષ્યના જીવનને સરળ બનાવે તેવી વસ્તુઓ જન્મે છે. વર્તમાન સમયમાં સ્માર્ટફોન, ડ્રોન, ઓટોમેટિક હોમ, સ્માર્ટ સિંચાઈ અને હજારો વસ્તુ બજારમાં ઉપલબ્ધ છે. હાલનો યુગ પણ આ વસ્તુઓના નામ પ્રમાણે 'સ્માર્ટ' થતો જાય છે. આ સમયમાં તકનીકી ક્ષેત્રે કારગર કંપની જેવીકે Google, Apple અને Tesla સ્વયં-સંચાલિત કાર પર કામ કરે છે અને મહદ અંશે તે લોકો આ પ્રકારની કારનો આવિષ્કાર કરવામાં સફળ રહ્યા છે.

સ્વયં-સંચાલિત કાર સાંભળતાની સાથે લોકોમાં ઉત્કંઠા જાગી ઉઠે કે આ પ્રકારની કાર કાર્ય કઈ રીતે કરતી હશે? કારણ કે સામાન્ય વાહનચાલકને પણ કાર ચલાવતા સમયે ખૂબ જ કાળજી લેવી પડે છે. રસ્તા પર અસંખ્ય ભયજનક બનાવો બનતા હોય છે. મનુષ્ય પોતાના ચેતાતંત્ર દ્વારા ત્વરિત નિર્ણય લઇ શકે છે પરંતુ તે કરવા છતાં પણ ક્યારેક પરિસ્થિતિ કાબૂની બાહાર જતી રહે છે અને દુર્ઘટના થાય છે. અને આ પરિસ્થિતિ હોવા છતાં પણ લોકો કમ્પ્યુટર દ્વારા સંચાલિત કાર પર અવિરત કાર્ય કરે છે. જો સ્વયં-સંચાલિત કાર સંપૂર્ણ રીતે અને શત પ્રતિશત ચોકસાઈથી કાર્ય કરે તો માનવ કાર ચાલક દ્વારા થતી અનેક ભયજનક દુર્ઘટનાને ટાળી શકાય છે. દરેક મનુષ્યનો સ્વભાવ અલગ હોય છે અને સામાન્ય રીતે વાહન ચલાવતી વખતે ધોરીમાર્ગ પર અસામાન્ય વર્તન કરવાથી, વાહન ચલાવતી વખતે સુઈ જવાથી, ગતિ પર કાબુ ન રાખવાથી, નશા યુક્ત પદાર્થનું સેવન કરી વાહન ચલાવવાથી અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવાથી દુર્ઘટના જન્મે છે, જે હંમેશા જાન લેવા હોઈ શકે છે. જો આ બધી પરિસ્થિતિમાં કમ્પ્યુટર દ્વારા સંચાલિત


કારનો ઉપયોગ કરવામાં આવે તો મોટાભાગની દુર્ઘટનાને ટાળી શકાય છે.

સામાન્ય રીતે ઑટોનોમસ કાર કમ્પ્યુટર દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે અને તેમાં યાત્રીને એક સ્થળેથી જે બીજા સ્થળે જવાનું હોય તેની માહિતી આપવામાં આવે છે અને તે પોતાની રીતે નકશા પરથી સૌથી નજીક રસ્તો અથવા તો જે માર્ગ પર ટ્રાફિક ઓછો હોય તે રસ્તો પસંદ કરી અને યાત્રીઓને ઈચ્છીત જગ્યાએ પહોંચાડે છે. હવે આ બધું કાર્ય એક કાર કરી શકે તે માટે તેમાં ઘણી બધી વસ્તુઓને સંકલિત કરવામાં આવે છે!

ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે આ પ્રકારની કારમાં Lidar( એક પ્રકારનું રડાર ), અલ્ટ્રાસોનિક સેન્સર, હ્યુમન ડિટેકશન સેન્સર, GPS( ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ ), SLAM( simultaneous localization and mapping ), કેમેરા અને આ બધી વસ્તુઓને સંકલિત કરવા માટે એક કમ્પ્યુટર.

**કેમેરા:**

કેમેરા ઓટોનોમસ કાર માટેનો ખૂબ જ જરૂરી ભાગ છે. એક કાર માં એક કરતા વધારે કેમેરા હોઈ શકે છે. સામાન્ય રીતે કેમેરાનો ઉપયોગ રસ્તા પર લેન અને સાઈન બોર્ડ ડિટેક્ટ કરવા માટે ઉપયોગ થાય છે. કેમેરા દ્વારા કેદ થયેલ વિવિધ ફોટો પર A.I. નો ઉપયોગ કરી અને જરૂરી નિર્ણય લઇ શકાય છે. જેમકે વાહનની આસપાસ મનુષ્ય અથવા પ્રાણીની જાણ કરવી, વિવિધ સાઈન બોર્ડ શું કહેવા માંગે છે તેની જાણકારી વગેરે વસ્તુઓની માહિતી મળી શકે છે.





કેમેરા દ્વારા લેન તેમજ કાર ડિટેકશન

## Lidar, અલ્ટ્રાસોનિક સેન્સર

Lidar તથા અલ્ટ્રાસોનિક સેન્સરનો ઉપયોગ આસ-પાસના વાહનો કેટલા દૂર છે તે જોવા અને વર્તમાન જગ્યાનો હંગામી નકશો બનાવવા થાય છે. હંગામી નકશો વાહનને કઈ રીતે નિયંત્રિત કરવું તથા ક્યાં માર્ગ પાર આગળ લઇ જવું તે નિર્ણય લેવામાં મદદ કરે છે. જો અચાનક કોઈ વસ્તુ વાહન સામે આવી જાય તો તેની આ પ્રકારના સેન્સર દ્વારા નોંધ કરી અને યોગ્ય ક્રિયા હાથ ધરી શકાય છે. સામાન્ય રીતે આ પ્રકારના સેન્સર તેનાથી તેની સામે રહેલા પદાર્થનું અંતર જાણવા માટે અલ્ટ્રાસોનિક તરંગનું ઉત્સર્જન કરે છે અને તે તરંગો

કેટલા સમયમાં પરત આવે તે સમય જાણી અને પ્રસ્તુત પદાર્થ વાહનથી કેટલો દૂર છે તેની જાણ કરી શકાય છે.




Lidar તથા અલ્ટ્રાસોનિક સેન્સર દ્વારા અંતરનું માન

ઉપર દર્શાવેલ ચિત્રમાં Lidarનો ઉપયોગ કરી અને 360 ડિગ્રીમાં આવતા વાહનો તથા બીજી બધી વસ્તુઓની જાણકારી મેળવી શકાય છે.

**હ્યુમન ડિટેક્શન સેન્સર**:

મનુષ્ય, પ્રાણી અથવા કોઈપણ જીવિત વસ્તુને ડિટેક્ટ કરવા માટે આ સેન્સરનો ઉપયોગ થાય છે. જો વાહન પાસે કોઈ જીવિત વસ્તુ હોય તો વાહનને કઈ રીતે નિયંત્રણમાં લેવું અને કઈ દિશા માં લઇ જવું તે ક્રિયા કરવા માટે આ સેન્સરનો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે જીવિત વસ્તુઓની અંદરથી ઇન્ફ્રારેડ તરંગો નીકળતા હોય છે જે પારખીને આ સેન્સર કાર્ય કરે છે. આ સેન્સરની જગ્યાએ ઇન્ફ્રારેડ કેમેરાનો પણ ઉપયોગ થાય છે. આ સેન્સર દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને બીજા સેન્સરની માહિતી સાથે મિશ્ર કરી અને વધારે ચોકસાઈથી કાર્ય કરવામાં આવે છે કારણ કે આ સેન્સર 100% કાર્યક્ષમ હોતું નથી.



જીવંત પદાર્થનું ડિટેકશન


**SLAM તથા GPS**

SLAM એટલે simultaneous localization and mapping જેનો સાદી ભાષામાં અર્થ છે કે, જે સમયે ગાડી ચાલે એ જ સમયે આસ-પાસની જગ્યાઓનો હંગામી નકશો બનાવવો. આ નકશો બનાવવા માટે Lidar, અલ્ટ્રાસોનિક, કેમેરા, હ્યુમન ડિટેકશન સેન્સરની માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. આ નકશો વર્તમાન સમયે વાહન જ્યાં છે, ત્યાંથી તેને નિર્ધારિત જગ્યાએ લઇ જવામાં મદદ કરે છે. GPSનો ઉપયોગ પણ SLAM સમાન કાર્ય કરવા માટે થાય છે, પરંતુ તેમાં 10-15 મિટરની ક્ષતિ હોય છે.

કારણ કે GPS દ્વારા પ્રાપ્ત થયેલ નકશો સેટેલાઇટ દ્વારા બનાવાયો હોઈ છે, જે પૃથ્વીથી ઘણો દૂર રહેલો હોય છે. સ્વાભાવિક રીતે જ થોડી ક્ષતિ માહિતીમાં રહી જ જશે પરંતુ GPSની માહિતીનો ઉપયોગ લાંબા અંતર માટે નકશો બનાવવા ઉપયોગ થાય છે.

પ્રસ્તુત બધા સેન્સર અને ટેક્નોલોજીને એક સાથે પ્રોસેસ કરવા માટે એક કમ્પ્યુટર( માઇક્રોપ્રોસેસર ) હોય છે. આ કમ્પ્યુટર બધી માહિતીને એક સાથે પ્રોસેસ કરી અને વાહનને નિર્ધારિત જગ્યાએ કઈ રીતે લઈને જવી તેની માટેના કંટ્રોલ સિગ્નલ બનાવે છે અને વાહનને નિર્ધારિત જગયાએ સુરક્ષિત રીતે લઇ જવાનો પ્રયત્ન કરે છે.

વર્તમાન સમયમાં 100% કાર્યક્ષમ સ્વયંસંચાલિત વાહન બનાવવામાં સફળતા સિદ્ધ થઇ નથી. પરંતુ હાલની ટેક્નોલોજીની કાર્યક્ષમતા વધારવાના ભગીરથ પ્રયત્નો ચાલુ છે અને નજીકના ભવિષ્યમાં વાહનચાલક વિહીન કાર ઉપલબ્ધ હોવાની સંભાવના ખૂબ જ વધારે છે. જેનાથી અકસ્માત ઘટશે અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થશે, એવી અપેક્ષા ચોક્કસ રાખી શકાય.



**SLAM દ્વારા હંગામી નકશાનું સર્જન**

# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો અંગ્રેજી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

**(૪) કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે:** pankhemagazine@gmail.com

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો મેઇલ દ્વારા જ જાણ કરવામાં આવશે. અન્ય માધ્યમોમાં એ વિશે પૃચ્છા કરવી નહીં.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

(૮) કૃતિનો સ્વીકાર થાય તો તમને મેઈલ મળી જશે. જો એ માટે વિલંબ થાય ને તમે અન્ય માધ્યમોમાં આપો, તો પણ વાંધો નહિ. એ માટે તમારે અમને જાણ કરવી જરૂરી નથી. કારણ કે જ્યારે પણ અમે નક્કી કરીશું કે હવે આ કૃતિ અમારે મુકવી છે, તો એ પહેલા અમે મેઈલ કરીશું જ. આપનો જવાબ નહિ આવે ત્યાં સુધી નહિ મૂકીએ.

(૯) સામાન્યતઃ એવો નિયમ હોય છે કે કૃતિ એક કરતાં વધુ જગ્યાએ મોકલો, તો જ્યાંથી વહેલો જવાબ આવે, એ સિવાયની જગ્યાએ સર્જકે જ સામેથી જાણ કરવાની હોય છે. પણ અમે એ કામ સર્જક માટે આસાન બનાવ્યું છે. અમે પૂછીએ અને જો તમારી કૃતિ બીજે ના સ્વીકારાયી હોય તો અમે પછી સ્વીકારીએ છીએ.

# પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન




**આપને 'પંખ'નો આ અંક કેવો લાગ્યો ?**
**આપના પ્રતિભાવો WhatsApp દ્વારા આપવા માટે અહીં ક્લિક કરો.**

## https://wa.me/916355953355

પંખ e-magazine
WhatsApp contact

# ટીમ 'પંખ'

યાજ્ઞિક વઘાસિયા

કેયુર દુધાત

અનંત ગોહિલ

વિરલ જોશી

હોઝેફા અગવાન

---

# ડિઝાઇનિંગ

ધ્રુવિલ ચોડવડીયા

મિહિર ગેડીયા

# આ અંકમાં સહભાગી કલમો

સ્વાતિ મેઢ
રાજુલ ભાનુશાલી
ભૂષણ ઓઝા
તેજલ શાહ
બંસરી જોષી
ડૉ. રંજન જોષી
અર્ચિતા દીપક પંડ્યા
વર્ધન શાહ
કશ્યપ જોષી

---

# ફોટોગ્રાફી

**વિશ્વાસ ભેડા (ફ્રન્ટ કવર)**

https://instagram.com/vasu_bheda?utm_medium=copy_link

**રાહિલ પટેલ (બેક કવર)**

https://instagram.com/rahil.patell?utm_medium=copy_link

